પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૭ | ૯ ડિસેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; માગશર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આઘાત

## તામિડનાડુના કુન્નુર પાસે લશ્કરી હેલીકોપ્ટર ક્રેશ થતાં CDS જનરલ બિપીન રાવતનું મોત

### હેલિકોપ્ટરમાં સવાર ૧૪માંથી ૧૩નાં મોત, બિપીન રાવતના ધર્મ પત્ની મધુલીકા રાવતનું પણ કરૂણ મોત, સંરક્ષણ પ્રધાન આજે સંસદમાં જાણકારી આપશે

નવી દિલ્હી, તા.૮ સેનાનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ દુર્ઘટના તમિલનાડુના કોઈમ્બતુર અને સુલુર વચ્ચે કુન્નૂરમાં થઈ હતી. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવત, તેમની પત્ની મધુલિકા રાવત અને તેમના પરિવારના કેટલાક સભ્યો પણ ક્રેશ થયેલા એરફોર્સના આ એમઆઈ૧૭-વીપ હેલિકોપ્ટરમાં સવાર હતા. હેલિકોપ્ટરમાં કુલ ૧૪ લોકો સવાર હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૩ લોકોનાં મોત થયા છે.

દરમિયાન અગાઉના અહેવાલ અનુસાર તમિલનાડુમાં સેનાનું એમઆઈ હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે હેલિકોપ્ટરમાં સીડીએસ બિપિન રાવત અને તેમની પત્ની સહિત સેનાના વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા. તમામ ઘાયલોને નજીકની આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર હેલિકોપ્ટરમાં સવાર ૧૪ લોકોમાંથી ૧૩ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. તેમજ ડીએનએ ટેસ્ટ દ્વારા મૃતદેહોની ઓળખ કરવામાં આવશે તેવી માહિતી મળી રહી છે. સરકાર ગુરુવારે સંસદમાં ક્રેશ થયેલા સૈન્ય હેલિકોપ્ટર એમઆઈ-૧૭ વીપ વિશે માહિતી આપશે. તે જ સમયે, ભારતીય વાયુસેનાએ અકસ્માતનું કારણ શોધવા માટે તપાસના આદેશ આપ્યા છે.

તમિલનાડુમાં ક્રેશ થયેલા એમઆઈ-૧૭ વીપ મિલિટરી હેલિકોપ્ટરમાં સવાર ૧૪ લોકોમાંથી ૧૩ લોકોનાં મોત થયાની પુષ્ટિ કરવામાં આવી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ડીએનએ ટેસ્ટ દ્વારા મૃતદેહોની ઓળખ કરવામાં આવશે.

તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને એક નિવેદન જારી કરીને કહ્યું છે કે તેઓ અકસ્માતની જાણકારી લેવા માટે અકસ્માત સ્થળની મુલાકાત લેશે. તેમણે એ પણ માહિતી આપી હતી કે સ્થાનિક વહીવટીતંત્રને બચાવ કામગીરીમાં શક્ય તમામ મદદ પૂરી પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહ નવી દિલ્હીમાં સીડીએસ જનરલ બિપિન રાવતના ઘરે પહોંચ્યા હતા. પરિવારજનોને મળ્યા બાદ થોડીવાર રોકાયા બાદ રક્ષા મંત્રી ત્યાંથી રવાના થયા હતા. કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું છે કે તેઓ અકસ્માત વિશે વધુ માહિતી એકઠી કરી રહ્યા છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, સીડીએસ જનરલ બિપિન રાવતને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એર ચીફ માર્શલ વીઆર ચૌધરી દુર્ઘટનાની જાણકારી લેવા સુલુર એરબેઝ માટે રવાના થઈ ગયા છે.







રક્ષા મંત્રી રાજનાથ સિંહ તમિલનાડુમાં ક્રેશ થયેલા મિલિટરી હેલિકોપ્ટરને લઈને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓની બેઠક ચાલી રહી છે. રાજનાથ સિંહે વડાપ્રધાન મોદીને અકસ્માતની જાણકારી આપી છે. દુર્ઘટના સમયે હેલિકોપ્ટરમાં કુલ ૧૪ લોકો સવાર હતા. તેમાં સીડીએસ જનરલ બિપિન રાવત, તેમની પત્ની મધુલિકા રાવત, બ્રિગેડિયર એલએસ લિડર, લેફ્ટનન્ટ કર્નલ હરજિંદર સિંહ, નાઈક ગુરસેવક સિંહ, નાઈક જિતેન્દ્ર કુમાર, લાન્સ નાઈક વિવેક કુમાર, લાન્સ નાઈક બી સાઈ તેજા અને હવાલદાર સતપાલનો સમાવેશ થાય છે.

સીડીએસ બિપિન રાવત, તેમનો સ્ટાફ અને પરિવારના કેટલાક સભ્યો આર્મીના એમઆઈ-સિરીઝના હેલિકોપ્ટરમાં સવાર હતા જે તમિલનાડુના કોઈમ્બતુર અને સુલુર વચ્ચે ક્રેશ થયું હતું. દુર્ઘટનાનું કારણ ખરાબ હવામાન હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે સીડીએસ બિપિન રાવત પોતાની પત્ની સાથે વેલિંગ્ટનમાં એક કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા, તે દરમિયાન આ અકસ્માત થયો. વેલિંગ્ટનમાં સશસ્ત્ર દળોની કોલેજ છે જ્યાં સીડીએસ રાવતનું પ્રવચન હતું.

## રાવતના આક્રમક વલણથી ચીન-પાકિસ્તાન ડરતા હતા

### લશ્કરના વડા હતા ત્યારે રાવતનું વલણ આક્રમક રહેતું, સંરક્ષણના દરેક મુદ્દા પર સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરતા હતા

સીડીએસ બિપિન રાવત આજે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર સાથે દિલ્હીથી એક કાર્યક્રમમાં ભાગ લેવા સુલુરથી વેલિંગ્ટન જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમનું વિમાન કુન્નૂરમાં ક્રેશ થયું છે. દુર્ઘટના સમયે હેલિકોપ્ટરમાં ૧૪ લોકો સવાર હતા. અત્યાર સુધીમાં ૧૧ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. બિપિન રાવત વિશે અત્યાર સુધી જે માહિતી સામે આવી રહી છે તેમાં કહેવામાં આવી રહ્યું છે કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિશ્વ તેમના વલણથી પરિચિત છે. તે ઘણીવાર પાકિસ્તાન અને ચીન વિશે કડક નિવેદનો આપી ચૂક્યા છે. સીડીએસ રાવત જ્યારે આર્મી ચીફ હતા ત્યારે પણ તેમનું સ્ટેન્ડ ભડકાઉ હતું. પાકિસ્તાન તેના નામથી ડરે છે.

સરદાર પટેલ એક ઉત્કૃષ્ટ સ્વપ્રદ્રષ્ટા હતા જેમણે ભારત અને ચીન વચ્ચે સ્વતંત્ર તિબેટને 'બફર કન્ટ્રી' (બે દુશ્મન દેશો વચ્ચે સ્થિત અને પ્રાદેશિક સંઘર્ષને અટકાવતો નાનો દેશ) તરીકેની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સાથેના તેમના પત્રવ્યવહારમાં આ જોઈ શકાય છે.ઈતિહાસ એ હકીકતનો સાક્ષી છે કે જ્યારે પણ કોઈ દેશ તેના સશસ્ત્ર દળોની અવગણના કરે છે, ત્યારે બહારના દળો દ્વારા તેનું વધુને વધુ શોષણ થાય છે. તેમણે કહ્યું કે ૧૯૫૦ના દાયકામાં ભારતે ઈતિહાસના આ મહત્વપૂર્ણ પાઠને નજરઅંદાજ કર્યો અને સુરક્ષા તંત્ર ડૂબવા લાગ્યું અને ત્યાર બાદ જ ૧૯૬૨માં ચીને દેશને હચમચાવી નાખ્યો.

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું હતું કે ભારતને આશંકા છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવવાનું છે અને તેના માટે ભારતે પહેલેથી જ 'આકસ્મિક યોજના' તૈયાર કરી લીધી છે. સીડીએસ જનરલ બિપિન રાવતે જાહેરમાં કહ્યું છે કે ભારત અફઘાનિસ્તાનની પરિસ્થિતિ માટે તૈયાર છે અને જો ત્યાંની સ્થિતિ ભારતને અસર કરે છે તો ભારત તેના માટે પણ તૈયાર છે. જે રીતે આતંકવાદ સામે લડવામાં આવ્યો છે તે જ રીતે લડવામાં આવશે.

જૂન મહિનામાં પાકિસ્તાની સૈનિકોએ ઘણી વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. જે બાદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું કે જો પાકિસ્તાન શાંતિ ઈચ્છે છે તો યુદ્ધવિરામ લાંબા સમય સુધી ચાલશે. તે બંને દેશો માટે સારું રહેશે. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે જણાવ્યું હતું કે વર્ષોથી વ્યાપક યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું છે, જ્યાં માત્ર નાના હથિયારો જ નહીં પરંતુ ઉચ્ચ કેલિબર હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## દેશ તમારૂ યોગદાન ભૂલશે નહી : નરેન્દ્ર મોદી

### CDS રાવતના નિધન પર નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ : રક્ષામંત્રી રાજનાથસિંહે કહ્યુ કે, જનરલ બિપિન રાવતે અસાધારણ સાહસ અને લગનથી દેશની સેવા કરી હતી

નવી દિલ્હી, તા.૮ ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાર બિપિન રાવતનું નિધન થયુ છે. આજે તમિલનાડુના કુન્નૂરમાં ભારતીય સેનાનું હેલીકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. સૈ-૧૭ફ૫ હેલીકોપ્ટરથી તેઓ સફર કરી રહ્યા હતા. આ હેલીકોપ્ટરમાં જનરલ રાવત સહિત અન્ય અધિકારી હાજર હતા. આ દુર્ઘટનામાં બિપિન રાવતનું નિધન થઈ ગયું. તેમાં બિપિન રાવત અને તેમના પત્ની મધુલિકા રાવત પણ હાજર હતા. તેમના નિધન પર દેશભરમાં શોકનો માહોલ છે. પીએમ નરેન્દ્ર મોદીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

દુર્ઘટનાના સમાચાર બાદ દેશભરમાં શોકની લહેર છે. ભારતે એક એવી વ્યક્તિ ગુમાવી, જે ભારતની સુરક્ષામાં એક મોટુ યોગદાન આપી રહ્યા હતા. બિપિન રાવત દેશના પ્રથમ એવા વ્યક્તિ હતી જેમને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બનાવવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી મોદી અને રક્ષામંત્રી રાજનાથ સિંહે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ ટ્વીટથી જનરલ રાવતના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જનરલ બિપિન રાવતને એક ઉત્કૃષ્ટ સૈનિક ગણાવતા કહ્યુ કે, તે એક સાચા દેશભક્ત હતા. તેમણે આપણા સશસ્ત્ર દળો અને સુરક્ષા તંત્રના આધુનિકિકરણમાં ખુબ મોટુ યોગદાન આપ્યું. સામરિક મામલા પર તેમની અંતદ્રષ્ટિ અને દ્રષ્ટિકોણ અસાધારણ હતો. તેમના નિધનથી ખુબ મોટુ દુખ પહોંચ્યુ છે.

પીએમ મોદીએ પોતાના શોક સંદેશમાં કહ્યુ કે, ભારતના પહેલા સીડીએસના રૂપમાં, જનરલ રાવતે રક્ષા સુધારા સહિત આપણા સશસ્ત્ર દળો સંબંધિત વિવિધ પાસાંઓ પર કામ કર્યુ. તેઓ પોતાની સાથે સેનામાં સેવા કરવાનો એક સમુદ્ધ અનુભવ લઈને આવ્યા. ભારત તેમની અસાધારણ સેવાને ક્યારેય ભૂલશે નહી.

રક્ષામંત્રી રાજનાથ સિંહે પણ જનરલ રાવતના નિધન પર દુખ વ્યક્ત કર્યુ છે. ટ્વીટ કરી રાજનાથ સિંહે કહ્યુ કે, તમિલનાડુમાં આજે એક ખુબ દુર્ભાગ્યપૂર્ણ હેલીકોપ્ટર દુર્ઘટનામાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, તેમના પત્ની અને ૧૧ અન્ય સશસ્ત્ર દળોના જવાનોના આકસ્મિત નિધનથી ખુબ દુખ થયું છે.

## સંરક્ષણમંત્રી સંસદમાં આજે માહિતી આપશે

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ગુરૂવારે સંસદમાં હેલિકોપ્ટર દુર્ઘટના સાથે સંકળાયેલી જાણકારી આપશે. તમિલનાડુના કુન્નૂર ખાતે બુધવારે બપોરના સમયે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતને લઈને જઈ રહેલું સેનાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. દુર્ઘટના સમયે સીડીએસ બિપિન રાવત ઉપરાંત તેમના પત્ની અને સેનાના અન્ય અધિકારીઓ પણ તેમાં ઉપસ્થિત હતા. હેલિકોપ્ટરમાં કુલ ૧૪ લોકો સવાર હતા અને દુર્ઘટના બાદ તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને દુર્ઘટના સાથે સંકળાયેલી જાણકારી આપવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ૧૧ લોકોના મૃત્યુ થયા હોવાની પૃષ્ટિ થઈ છે. રાજનાથ સિંહે સીડીએસ બિપિન રાવતના દિલ્હી સ્થિત આવાસની મુલાકાત લીધી હતી. દુર્ઘટના બાદ બિપિન રાવતના જિલ્લા પૌડી ગઢવાલના ધારી મંદિર ખાતે પૂજા-અર્ચના શરૂ થઈ ગઈ હતી અને લોકોએ સીડીએસના સારા સ્વાસ્થ્ય માટે કામના કરી હતી.

દુર્ઘટનાનો ભોગ બન્યું તે એમઆઈ-૧૭વી-૫ હેલિકોપ્ટર ખૂબ ખાસ હતું જે સૈન્યના ઉપયોગ માટે ખૂબ ઉન્નત ગણાય છે. તેનો ઉપયોગ ટ્રુપ અને આર્મ્સ ટ્રાન્સપોર્ટ, ફાયર સપોર્ટ, એસ્કોર્ટ, પેટ્રોલિંગ અને સર્ચ એન્ડ રેસ્ક્યુ (એસએઆર) મિશન માટે પણ કરવામાં આવે છે. ભારતમાં અનેક વીવીઆઈપી તેનો ઉપયોગ કરે છે. આ દુર્ઘટના બાદ તેના કારણો જાણવા માટે તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.

ડૉ. કિરીટ એસ. પટેલ
(એમ.બી.બી.એસ.)
મળવાનો સમય
સવારે ૯:૩૦ થી ૧:૦૦
૨૦૫, આનંદનગર, સેક્ટર-૨૭
(દર સોમવાર થી શનિવાર)
સાંજે ૫:૦૦ થી ૭:૩૦
સેક્ટર-૨૭ માં દર સોમવાર, બુધવાર, શુક્રવાર, શનિવાર
સેક્ટર-૬ નિરામય ડૉક્ટર હાઉસમાં
દર મંગળવાર અને ગુરૂવારે સાંજે
દર રવિવારે સંપૂર્ણ રજા રહેશે.


## રાવત નાગાલેન્ડમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં બચી ગયા હતા

### રાવત સાથે હેલિકોપ્ટર દુર્ઘટના પહેલી નથી : ૨૦૧૫માં હેલિકોપ્ટરે ઉડાન ભરી અને એન્જિન જમીનથી લગભગ ૨૦ ફૂટ ઉપર અટકતાં ક્રેશ થયું હતું

નવી દિલ્હી, તા.૮ તામિલનાડુના નીલગીરી જિલ્લામાં કુન્નુરમાં બુધવારે વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓને લઈ જતું આર્મીનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ હેલિકોપ્ટરમાં સીડીએસ બિપિન રાવત સહિત ૧૪ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. આખો દેશ બિપિન રાવતના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યો છે.

ઘટના ૩ ફેબ્રુઆરી ૨૦૧૫ની છે. સવારના નવથી દસનો સમય હતો. હેલિકોપ્ટર નાગાલેન્ડના દીમાપુર જિલ્લામાં હેલિપેડ પરથી ઉડાન ભરી રહ્યું હતું. બોર્ડમાં લેફટનન્ટ જનરલ બિપિન રાવત સહિત ત્રણ સેનાના જવાન હતા. હેલિકોપ્ટર ઉડાન ભરી અને એન્જિન જમીનથી લગભગ ૨૦ ફૂટ ઉપર અટકી ગયું હતું. હેલિકોપ્ટર ક્રેશ થયું, જેમાં સવાર તમામને ઈજા થઈ.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, તેમની પત્ની મધુલિકા રાવત અને તેમના પરિવારના કેટલાક સભ્યો પણ ક્રેશ થયેલા એરફોર્સના આ એમઆઈ૧૭-વીપ હેલિકોપ્ટરમાં સવાર હતા. કહેવામાં આવી રહ્યું છે કે ક્રેશ થયેલું હેલિકોપ્ટર થોડી જ વારમાં લેન્ડ થવાનું હતું. સેનાના વરિષ્ઠ અધિકારીઓ પણ અકસ્માત સ્થળે પહોંચી ગયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર હેલિકોપ્ટરમાંથી બચાવાયેલા કેટલાક લોકો ખરાબ રીતે સળગી ગયા છે.



બેસણું
અમારા પરમ પૂજ્ય પિતા
શ્રી કનૈયાલાલ રતિલાલ પંચોલી
તા. ૮-૧૨-૨૦૨૧ને બુધવારના રોજ કૈલાસવાસી થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૯-૧૨-૨૦૨૧ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્વ. કનૈયાલાલ રતિલાલ પંચોલી
સ્વ. તા. ૮-૧૨-૨૦૨૧, બુધવાર
એ-૫૦૪, રેડીયન રેસીડેન્સી,
ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ પાસે, સરગાસણ, ગાંધીનગર
ગં. સ્વ. ઈલાબેન આર. પંચોલી | સ્વ. રાજેન્દ્રકુમાર કે. પંચોલી
રીટાબેન આર. પંચોલી | રોહિતભાઈ કે. પંચોલી
બીનાબેન જે. પંચોલી (લિ.) જયેશ કે. પંચોલી
ભૂમિકા એ. પંચોલી | અંકિત રાજેન્દ્ર પંચોલી
નિધિ રોહિત પંચોલી | સ્વપ્રીલ જે. પંચોલી
દેવાંશી પી. મહેતા (પૌત્રી), કેતના અંકિત પંચોલી (પ્રપૌત્રી)
મો. 98248 28169, મો. 94263 76689, 97235 62832, 75671 14536
વર્તમાન કોરોના પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને માસ્ક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા નમ્ર વિનંતી.